| PUBLICATION NAME : | Jai Hind |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 22/04/24 |
| PAGE : | 8 |

### આઈએએસ રામ મોહન મિશ્રા હાજર રહ્યા

# ઈડીઆઈઆઈએ ૪૨મો સ્થાપાના દિવસ ઉજવ્યો

ગાંધીનગર,તા.૨૧

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા અમદાવાદ ખાતે ૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ સંસ્થાના કેમ્પસમાં ૪૨મો સ્થાપના દિવસ ઉજવાયો હતો. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે મેઘાલય સરકારના સ્ટેટ ઈન્વેસટમેન્ટ પ્રમોશન બોર્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન તેમજ ઈડીઆઈઆઈના બોર્ડના સભ્ય આઈએએસ રામ મોહન મિશ્રા તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ગર્વમેન્ટ, કોર્પોરેટ્સ ઈન્ડસ્ટ્રી એસોસિએશન તેમજ શિક્ષણવિદોએ આંત્રપ્રિન્યોરશિપ, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન એ દેશના સામાજિક- આર્થિક વિકાસને કેવી રીતે અસર કરી રહ્યું છે. એ બાબત પર સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ અવસરે રામ મોહન મિશ્રાએ કહ્યું કે, ‘ઉદ્યોગ સાહસ એક ચળવળથી ઓછું નથી અને ઈડીઆઈઆઈએ આ ચળવળની પહેલ કરી છે. ડો. શૈલેન્દ્ર નારાયણે કહ્યું કે, ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન લાંબા સમયથી તથા જ્યારે ઉદ્યોગસાહિસકતાનો ખ્યાલ નવો હતો. ત્યારથી સંકળાયેલ છું.

ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલર ડો. નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, ભારતીય શિક્ષાજગતે મુખ્ય વિદ્યાશાખાઓમાંની એક તરીકે ઉદ્યોગ સાહસિકતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું છે.